અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ
વડોદરા મહાનગરપાલિકા
દાંડીયાબજાર,વડોદરા .૩૯૦૨૦૯ + ૧૨

ફોનઃ ૨૪૧૩૬૩૫, ૨૪૧૩૭૫૨
૨૪૨૦૮૮૧, ૨૪૧૩૭૫૩
ફેકસઃ (૦૨૬૫-૨૪૨૦૮૮૧)

મહાનગરપાલિકા / પ્રોવિઝનલ

અ.તા.સે.જા.નં./૧૦૨૦/૨૦-૨૧
તા. ૧૧-૦૯-૨૦૨૦

પ્રતિ,
શ્રી પ્રજાપતિ મોહનભાઈ આર તથા અન્ય ના કુ.મુ. પ્રકાશભાઈ
એમ. પ્રજાપતિ તથા અન્ય
કપુરાઈ

૨૯૯૭

વિષયઃ મોજેઃ કપુરાઈ વડોદરા, ઓ.પી.નં.-૨૭,એફ.પી.નં.-૨૭/૧,ટી.પી.નં.-૪૦(ડ્રાફ્ટ) વાળી જમીનમાં કોમર્શીયલ / રેસીડેન્સીયલ હેતુ માટે હાઈ-રાઈઝ બિલ્ડીંગ "**" ઉચાઇ-૨૪.૦૦ મીટર,ગ્રાઉન્ડ ફ્લોર+૦૭ માળ,(વિંગ I,J) તથા ઉચાઇ-૪૦.૦૦ મીટર,ગ્રાઉન્ડ ફ્લોર+૧૨ માળ,(વિંગ K,L),ટાવર-૦૨ ના બાંધકામ માટે અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ વિભાગનું પ્રોવિઝનલ ફાયર એન.ઓ.સી. આપવા બાબત.

અનુસંધાનઃ આપશ્રી તરફથી અ.તા.સે.આ.નં. ૨૩૬૬ / તા. ૦૩-૦૯-૨૦૨૦ થી અત્રેની શાખાએ રજૂ કરેલ નક્શા સહીત ફાઈલ લગત.

ઉપરોકત વિષયનાં અનુસંધાનમાં સવિનય સહ જણાવવાનું કે, આપશ્રી તરફથી તા. ૦૩-૦૯-૨૦૨૦ રોજ અત્રેની કચેરીએ પત્ર તથા નકશા સહીત ફાઇલ રજૂ કરી ઉપરોકત વિષયમાં દર્શાવેલ સ્થળ માટે અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓવિભાગનું પ્રોવિઝનલ ફાયર એન.ઓ.સી. મેળવવા માંગણી કરવામાં આવેલ છે. તે સંદર્ભે સદર કોમર્શીયલ / રેસીડેન્સીયલ, હાઈ-રાઈઝ બિલ્ડીંગમાં ફાયર ફાઇટીંગની સુવિધાઓ કરવા અંગે આ સાથે સામેલ સૂચનો જાહેર સલામતી માટે આપવામાં આવે છે. જેનો ચૂસ્ત અમલ GDCR અનુસાર કરવાનો રહેશે.

સદર સામેલ સૂચનોની પૂર્તતા થયા બાદ તેમજ TDO પત્ર રજુ કરવો, નિયમનુસાર અરજી કરી લાગત ભર્યા બાદ અત્રેથી ફાઈનલ એન. ઓ. સી. આપવામાં આવશે.

TDO પત્ર / રજા ચીઠ્ઠી માં દર્શાવેલ નામ, નંબર ( FP / OP / RS / CITY SERVE ) નો ઉલ્લેખ ફાયર NOC માં કરવામાં આવશે. આ સિવાયના નામ અને નંબર બાબતે કાયદાકીય ગુચ માટે અગ્નિશમન અને તાત્કાલિક સેવા વિભાગ જવાબદાર રહશે નહિ.

હ. ચીફ ઓફિસર (ફાયર)
મહાનગરપાલિકા
વડોદરા

નકલ રવાનાઃ
શ્રી ટાઉન ડેવલપમેન્ટ ઓફિસર,
મહાનગરપાલિકા, વડોદરા.... નિયમ પ્રમાણે આગળની કાર્યવાહી કરવા સારૂ.

અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ
વડોદરામહાનગરપાલિકા
દાંડીયા બજાર, વડોદરા . ૩૯૦ ૨૦૯ + ૧૨

ફોનઃ ૨૪૧૩૬૩૫, ૨૪૧૩૭૫૨
૨૪૨૦૮૮૧, ૨૪૧૩૭૫૩
ફેકસઃ (૦૨૬૫-૨૪૨૦૮૮૧)

તારીખ;- 11-09-20 17:18:18

## ૪૦મી. થી વધુ ઉંચાઇ વાળી બહુમાળી બિલ્ડીંગનાં બાંધકામ અંગે અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ વિભાગની પ્રોવિઝનલ ફાયર એન.ઓ.સી. માટેનાં સૂચનોઃ

- બેઝમેન્ટમાં ઓટો ઓપરેટીવ સ્પીંકલર સીસ્ટમ જરૂરી બનશે.
- ફાયર ફાઇટીંગ સીસ્ટમને પાણી પુરૂ પાડવા માટે અંડર ગ્રાઉન્ડ ટાંકીની ક્ષમતાં ૧,૫૦,૦૦૦ લી. રાખવી.
- દરેક ફલોર પર ઓટો ઓપરેટીવ સ્પીન્કલર સીસ્ટમ કરવાની રહેશે.
- દરેક માળ પર સ્પ્રીંકલર સીસ્ટમનો ડ્રેઇન વાલ્વ હોવો જોઇએ. જેથી ટેસ્ટીંગ કરી શકાય.
- રાઇઝર તથા સ્પ્રીંકલર સીસ્ટમનો મેઇન પાઇપ ૧૫૦ એમ.એમ.નો રાખવાનો રહેશે.
- ઓટો મેટીક ફાયર એન્ટી–સીસ્ટમ એન.બી.સી. પાર્ટ ૪ નાં સેકશન ૫.૧.૮, ૫.૧.૯, ૫.૧.૯ અને ૫.૩ પ્રમાણે કરવાની રહેશે.
- સદર બહુમાળીની આગ સ્પ્રેડ થઇ બાકીનાં ભાગમાં નાં પહોંચે તે રીતે સદર બહુમાળી બિલ્ડીંગની ડીઝાઇન બનાવવાની રહેશે.
- દરેક માળની કંપાર્ટમેન્ટ ૫૭૫૦ સ્કે. મી.થી વધારે ન હોવી જોઇએ અને તેની દિવાલ ૨ કલાકનાં ફાયર રેટીંગ વાળી બનાવવાની રહેશે.
- મોલ / ડીપાર્ટમેન્ટલ સ્ટોર / શોપીંગ સેન્ટર અને બેઝમેન્ટનાં ભાગે ૧૫૦૦ સ્કે.મી. થી વધારે મોટા હોવા જોઇએ નહીં. શક્ય હોય તેટલા વધારે સ્પીન્કલર લગાવવાના રહેશે.
- રીફયુઝી એરીયા અત્રેની સૂચના પ્રમાણેનો કરવાનો રહેશે
- સદર બહુમાળી સંપૂર્ણ કોમર્શીયલ હોઇ ૧૦, ૧૮, ૨૪ માં માળનો સ્કીપ ફલોર બનાવવાનો રહેશે. યુટીલીટી સાથે રેફયુઝી એરીયા ૩૦ સ્કે. મી. નો કરવાનો રહેશે જે દાદરની બાજુમાં કરવો.
- રેફયુઝી રૂમની દિવાલો પણ બે કલાક જેટલી ફાયર રેજીસ્ટંટ બનાવવાની રહેશે.
- બહુમાળી મકાનનાં એન્ટરન્સ ફલોર પર જ ફાયર કંટ્રોલ રૂમ રાખવાનો રહેશે. ફાયર સેફટીનાં સાધનોથી સુસજ્જ અને દરેક માળનો સંપર્ક મળી રહે તેવી કોમ્યુનીકેશન સીસ્ટમ વાળો કરવાનો રહેશે.
- ફાયર કંટ્રોલ રૂમમાં દરેક માળનો ફાયર પ્લાન ડીટેલ સહ રજુ કરવાનો રહેશે.
- ફાયર કંટ્રોલ રૂમમાં દરેક માળ પરની આગ અંગેનો રિપોર્ટ ડીસ્પ્લે બોર્ડ પર જોઇ શકાય તેવી રીતે બોર્ડ કનેકશન કરેલ હોવા જોઇએ.
- કંટ્રોલ રૂમનો ફાયર સ્ટાફ જ બધાજ પ્રકારનાં મેઇન્ટેનન્સ / ફાયર / ઇકવીપમેન્ટ માટે જવાબદાર રહેશે.

૧. નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ ઇન્ડીયાનાં ચેપ્ટર-૪માં જણાવ્યા અનુસાર બિલ્ડીંગમાં ફાયર ફાઇટીંગની સુવિધાઓ નિયમ પ્રમાણે જાહેર સલામતી માટે કરવાની રહેશે.

૨. ફાયર ફાઇટીંગની વેટ રાઇઝર સીસ્ટમ રૂબરૂ ચાર્ચા કર્યા પ્રમાણે દરેક દાદર પાસે ૪" ડાયા મીટરની ગેલ્વેનાઇઝ - આયર્ન પાઇપ પોષ્ટ ઓફીસ લાલ કલરથી ઓઇલ પેઇન્ટ કલર કરવાનો રહેશે અને અંડર ગ્રાઉન્ડ પાઇપ લાઇનને ડામર પ્લાસ્ટિકકરી કોટીંગ કરવું.

૩. બિલ્ડીંગના દરેક માળે સ્ટેરકેસ પર બધા જોઇ શકે તેવી જગ્યાએ નિયત ડીઝાઇનનું તથા મેકનું હોઝ બોક્ષતથા ૬૩ mm ડાયા મીટરની હોઝ પાઇપ. બ્રાન્ચ પાઇપ મૂકવા તથા રાઇઝર લાઇન પર ફાયર હાઇડ્રન્ટ લેન્ડીંગ વાલ્વ મૂકવાનાં રહેશે.

૪. બિલ્ડીંગના દરેક માળે ફાયર એલાર્મ સીસ્ટમની પીલ બોક્ષ પ્રકારની સ્વીચ તથા આખા બિલ્ડીંગમાં સાંભળી શકાય તે પ્રમાણે ઓલ્ટરનેટ ફલોર પર ફાયર એલાર્મ બેલ મૂકવાનો રહેશે તથા સ્વીચ પાસે લાલ કલરનાં અક્ષરથી ફાયર એલાર્મ લેટરીંગ બધાં વાંચી શકે તે પ્રમાણે કરવાનું રહેશે.

૫. બિલ્ડીંગના દરેક માળે આઇ. એસ. આઇ. માર્કાનાં ૬ કે.જી.ની ક્ષમતા વાળુ ડ્રાય કેમીકલ પાઉડર ફાયર એક્સ્ટીંગયુઝર્સ નંગ-૦૧ તગા ૯ લીટરની ક્ષમતા વાળું વોટર ટાઇપ ફાયર એક્સ્ટીંગયુઝર્સ નંગ-૦૧ મૂકવું તથા તેના પર બિલ્ડીંગનું નામ લેટરીંગ કરવું.

૬. બેઝમેન્ટ હોય ત્યાં સ્પ્રીન્કલર સીસ્ટમ તથા દરેક પ્રકારના સાધનો તથા ફાયર હાઇડ્રન્ટ મૂકવાના રહેશે. સ્પ્રીન્કલર સીસ્ટમની પાઇપ લાઇન પર અલગ વ્હીલ વાલ્વ મૂકી તે જગ્યાએ લેટરીંગ / પેઇન્ટીંગ કરવાનું રહેશે.

૭. નકશામાં બતાવેલ રસ્તાઓ પરથી હાઇડ્રોલીક એલીવેટેડ પ્લેટફોર્મથી ફાયર ફાઇટીંગ તથા બચાવ કામગીરીમાટે ઓપરેટ થઇ શકે તે માટે પૂરતી પહોળાઇ. લંબાઇ તથા કોઇપણ પ્રકારનાં અડવણ વિનાનો રસ્તો GDCRમાં બતાવ્યા અનુસાર ૦.૨ h ૦.૩ h પહોળાઇનો રાખવાનો રહેશે અને તે અડચણ વિનાનો ખુલ્લો રાખવાનોરહેશે.

૮. દરેક માળે પુરતી પહોળાઇનાં દાદર એવી રીતે રાખવા કે જેથી ટ્રાવેલ ડીસ્ટન્સથી ૨૨.૫ મીટરથી વધે નહીં.

૯. પાર્કીંગ ફકત ગ્રાઉન્ડ ફલોર પર હોય ફાયર હાઇડ્રન્ટ સીસ્ટમ જી.આઇ.પાઇપમાં કરીને અમારી સૂચના પ્રમાણે પાર્કીંગમાં ફાયર હાઇડ્રન્ટ તથા તેના સાધનો વિગેરે મૂકવાના રહેશે.

૧૦. ફાયર હાઇડ્રન્ટ રાઇઝર લાઇન ઉપર જરૂર પડે લાઇન બંધ કરવા માટે આઇસોલેટીંગ વ્હીલ વાલ્વ ૪ ફૂટની ઉંચાઇ પર મૂકવાનો રહેશે.

૧૧. ફાયર ફાઇટીંગના દરેક પ્રકારનાં સાધનો ઉપર જે તે બિલ્ડીંગનું નામ લેટરીંગ / પેઇન્ટીંગ કરાવવાનું રહેશે.

૧૨. ફાયર ફાઇટીંગ તથા બચાવ કામગીરી માટે ફાયર બ્રિગેડના વાહનો ઝડપી અને સહેલાઇથી એપ્રોચ થઇ શકે તે માટે સાઇડ તથા ફ્રન્ટ બાજુ બીજો ૬૦ ટન વજનની ક્ષમતાં વાળો એપ્રોચ રસ્તો નકશામા દર્શાવ્યા પ્રમાણેનો ખુલ્લો તથા ઓપન ટુ સ્કાય રાખવાનો રહેશે.

૧૩. બિલ્ડીંગની આગળ તથા બન્ને બાજુએ ફાયર બ્રિગેડના વાહનોનાં ઓપરેશનને નડતર રૂપ રસ્તામાં પડતાં ઝાડ / ઓવર હેડ ટેલિફોન તથા ઇલેકટ્રીક લાઇન પસાર થતી હોય તો તે અડચણ દૂર કરવાની રહેશે.

૧૪. ફાયર પંપ. ફાયર લીફટ. પેસેજ / લોબી / સ્ટેરકેસની લાઇટો. ફાયર એલાર્મ સીસ્ટમ માટે ઇમરજન્સીમાં ઉપયોગ કરી શકાય તેટલી પુરતી ક્ષમતા વાળું ડી.જી. સેટ (જનરેટર / ડીઝલ પંપ) રાખવાનું રહેશે અને તેનાથી પુરતા પ્રેસરથી ફાયર પંપનો ટેસ્ટ આપવાનો રહેશે.

૧૫. અંડર ગ્રાઉન્ડ ફાયર વોટર ટેન્ક એક લાખ લીટરની તથા ઓવર હેડ વોટર ટેન્ક ૨૦.૦૦૦ લી.ની નિયમ અનુસાર પાણી ભરેલી રાખીને ફાયર પંપ સાથે જોડાણ કરવું અને જી.ઇ.બી. ના ઇલેકટ્રીક સપ્લાયથી તથા જનરેટરથી પાણીના પ્રેસર માટે ફાયર પંપનું ટેસ્ટીંગ આપવાનું રહેશે.

૧૬. જલ્દીથી સળગી ઉઠે તેવા ધંધાના પ્રકારની કોઇપણ દુકાનો તથા ગોડાઉન માટે બિલ્ડીંગના કોઇપણ ભાગમાં જાહેર સલામતી માટે આપવી નહીં તથા ખાસ ફટાકડા વહેંચવા માટે દુકાન આપવી નહીં.

૧૭. રસ્તામાં આવતા ડ્રેનેજ. વોટર ટેન્ક તથા કોઇપણ પ્રકારનાં ચેમ્બરનાં ઢાકણા હેવી ડયુટીના અને ઓછામાં ઓછુ ૨૦ ટન વજન વાહનોનું લઇ શકે તેવા મજબૂત ફીટ કરવા.

૧૮. બિલ્ડીંગના આગળના ભાગે ફોર-વે કલેકટીંગ હેડ (વોટર ઇન્લેટ) ફાયર એન્જીનથી ઇમરજન્સીમાં રાઇઝરમાં પાણી મેળવી શકાય તે માટે મૂકવાનો રહેશે. બિલ્ડીંગની પહોળાઇ વધારે હોય તો બન્ને બાજુ ફોર-વે કલેકટીંગ હેડ લગાવવાના રહેશે. બે થી વધારે ટાવરની સંખ્યા માટે દરેક રાઇઝર લાઇન પર ગ્રાઉન્ડ ફલોર પર ફોર વે કલેકટીંગ હેડ મૂકવો.

૧૯. લીફટ એકટ અંગે સરકારશ્રીના નિયમાનુસાર પુરતી ક્ષમતાની તથા અધિકૃત કંપનીની લીફટ રાખવાની રહેશે અને આ માટે ઇન્સ્પેકશન ઓફ લીફટ. ગાંધીનગરનું ટેસ્ટીંગ દર વર્ષ જાહેર સલામતી માટે કરાવવાનું રહેશે.

૨૦. સદર બિલ્ડીંગ અંગે અધિકૃત સ્ટ્રકચર એન્જીનીયરશ્રીનું સર્ટીફીકેટ મેળવીને તથા તેઓના માર્ગ દર્શન હેઠળ બાંધકામની મજબુતાઇ માટે તથા ધરતીકંપ જેવી હોનારતમાં ટકી શકે તે પ્રમાણે બાંધકામ કરવાનું રહેશે તથા અત્રે રજુ કરેલા નકશામાં અત્રેના સૂચનો પ્રમાણે બાંધકામ કરવાનું રહેશે.

૨૧. ભીષણ આગ લાગે ત્યારે તથા ઇમરજન્સી માટે જરૂરી એકશન પ્લાન તૈયાર કરીને ફરજ પરના તમામ સ્ટાફને તથા ભોગવટો કરનારને અમલ માટે અને જરૂરી સૂચના / તાલીમ આપવી અને તેનું ચૂસ્ત પાલન કરાવવું.

૨૨. દર વર્ષે બિલ્ડીંગમાં રાખવામાં આવેલ ફાયર ફાઇટીંગની સુવિધાઓનું જાહેર સલામતી માટે ટેસ્ટીંગ કરાવી રીન્યુઅલ કરાવવાનું રહેશે.

૨૩. બાંધકામ પુરૂ થયા બાદ નિયમ પ્રમાણે અત્રે લાગત ભરીને ટેસ્ટીંગ કરાવવાનું રહેશે. બાંધકામ પૂરૂ થયા બાદ અત્રેના સૂચનોની પુર્તતા બાબતે અત્રે ટેસ્ટીંગ માટે લેખિત અરજી કરવી જેથી અત્રેથી ઇન્સ્પેકશન / ટેસ્ટીંગ કરી શકાય.

૨૪. વડોદરા મહાનગર સેવા સદનનાં ટાઉન ડેવલપમેન્ટ વિભાગના નિયમો અને સૂચના અનુસાર તથા અત્રેના સૂચનો પ્રમાણે બાંધકામ કરવાનું રહેશે.

૨૫. એક ફાયર લીફટ તથા એક ઇમરજન્સી સ્ટેરકેસ જાહેર સલામતી માટે રાખવાના રહેશે. બાકીની લીફટની સંખ્યા તથા સ્ટેરકેશની સંખ્યા ટાઉન પ્લાનીંગ શાખાના નિયમોને આધીન રહીને રાખવાનાં રહેશે.

૨૬. સદર બિલ્ડીંગ માટે પાછળથી વડોદરા મહાનગર સેવા સદનનાં ચીફ ઓફિસર (ફાયર) શ્રી તરફથી કે સરકારશ્રીનાં ધારા ધોરણ પ્રમાણે જાહેર સલામતી માટે જો કોઇ વધારાના સૂચનો હશે તો તેનો ચૂસ્ત અમલ કરવાનો રહેશે.

૨૭. ફાયર ફાઇટીંગ સુવિધાઓની વિગત દર્શાવતું ડ્રોઇંગ પ્રમાણીત કરાવી કામ ચાલુ કરતાં પહેલા રજૂ કરવાનું રહેશે.

૨૮. GDCRની કલમ ૧૭.૨ ની પેટા કલમ નં.૫ પ્રમાણે ફાયર ફાઇટીંગ માટે પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે તે માટે બિલ્ડીંગની બહાર મહાનગર સેવા સદનની મુખ્ય પાણીની નળિકા ઉપર એક ફાયર હાઇડ્રન્ટજરૂરી લાગતભરી જે તે વોર્ડ ઓફીસમાં જરૂરી સાધનીક કાગળો રજૂ કરી બેસાડવાનો રહેશે જે માટેના જરૂરી સાધનીક પત્રો ફાઇનલ ટેસ્ટીંગ વખતે રજૂ કરવાનાં રહેશે.

૨૯. બિલ્ડીંગની બાઉન્ડ્રી વોલ તથા સ્ટ્રકચર વચ્ચે ફાયર ફાઇટીંગ માટેના વાહનો સહેલાઇથી ફરી શકે તે માટે કોઇપણ પ્રકારનો પાર્કીંગશેડ બનાવવો નહીં.

૩૦. બિલ્ડીંગના સૌથી ઉંચા ભાગ ઉપર એપ્રુવ્ડ ટાઇપનું લાઇટનીંગ એરેસ્ટર લગાવવું.

૩૧. GDCR ની કલમ નં. ૧૭.૨ ની પેટા કલમ નં.૧ થી ૧૧ નું પાલન કરવાનું રહેશે.

૩૨. જો ગેટ બનાવવાનો હોય તો ગેટ ૬ મીટર પહોળાઇ તથા ૫ મીટર ઉંચાઇ વાળો બનાવવાનો રહેશે.

૩૩. એન.ઓ.સી. મળ્યા બાદ ત્રણ વર્ષમાં પૂર્ણ બાંધકામ કરવાનું રહેશે જો તેમ કરવામાં નહીં આવે તો સદર એન.ઓ.સી. રદ ગણાશે.

૩૪. રજુ કરેલ નકશામાં દર્શાવેલ રોડ વીશે કોઇ ખોટી માહિતી રજુ કરવામાં આવશે તો એન.ઓ.સી. રદ ગણવામાં આવશે.

૩૫. જે હેતુ માટે એન.ઓ.સી. આપવામાં આવેલ હોય તે જ હેતુ માટે બિલ્ડીંગનો વપરાશ કરવો અન્યથાં જો હેતુ ફેર થશે તો સદર એન.ઓ.સી. આપો આપ રદ ગણાશે.

૩૬. બિલ્ડીંગના દરેક ફલોર પર આગ લાગે ત્યારે ધુમાડો જલ્દીથી બહાર નીકળી શકે તે માટે પુરતા પ્રમાણમાં તથા પુરતી પહોળાઇવાળા વેન્ટીલેશનો ખુલ્લા રાખવાનારહેશે. વચ્ચેના ભાગે પુરતી ક્ષમતાના મોટા એકઝોસ્ટ ફેન

મૂકી વેન્ટીલેશન આપો આપ ખુલી જાય તેવી વ્યવસ્થા ગોઠવવી અને આ વ્યવસ્થા જનરેટર પર પણ ચાલે તેવી ખાતરી કરવી.

૩૭. ફાયર સીસ્ટમનું કામકાજ શરૂ કરતાં પહેલાં જે તે એજન્સીને સદર એન.ઓ.સી.ની તમામ શરતોથી વાકેફ કરવા. અન્યથા આયોગ્ય રીતે તૈયાર થયેલ ફાયર ફાઇટીંગ સીસ્ટમ કેન્સલ કરી ફરી કામ લાગે તે રીતે સીસ્ટમ બનાવવા માટેની ફરજ પાડવામાં આવશે અને ત્યાર બાદ જ ફાયનલ એન.ઓ.સી. આપવામાં આવશે. કોઇપણ કન્સલટન્ટ નકકીકરો તો તેનાં ભણતર. જ્ઞાન તથા અનુભવના આધારે નકકી કરો અયોગ્ય કન્સ્લટન્ટ દ્વારા તેઓનાં મનધડંત ડીઝાઇન બનાવવાની બાબત ધ્યાનમાં આવશે તો તે ફાયનલ એન.ઓ.સી. મેળવવામાં અસરકર્તા રહેશે. ફાયર ફાઇટીંગ સીસ્ટમનું ડ્રોઇંગ અત્રે પ્રમાણીત કરાવવાનું રહેશે.

૩૮. ટાવર દીઠ એક લાખ લીટરની ક્ષમતા વાળી પાણીની ટાંકી અલગ અલગ અથવા એક અનુકુળતાં પ્રમાણે બનાવવી પરંતુ દરેક ટાવરમાં ફાયર ફાઇટીંગ સીસ્ટમ અલગ રહેશે એટલે કે. દાદર પ્રમાણે રહેશે અને આ સંજોગોમાં કોઇપણ એક ટાવરની સીસ્ટમ અથવા એક થી વધારે સીસ્ટમ અથવા એક સાથે બધી સીસ્ટમ ચાલુ થઇ શકે અને વપરાઇ શકે તેવી વ્યવસ્થા કરવી.

૩૯. જો કેમ્પસ એરિયા વધારે બાંધકામ વાળો થશે તો ચીફ ઓફિસર (ફાયર) શ્રીને જરૂર જણાશે તો ફાયર હાઇડ્રન્ટ સીસ્ટમ કેમ્પસમાં તેઓનાં જણાવ્યા મુજબ જરૂરીઆત પ્રમાણે જાહેર સલામતી માટે કરવાની રહેશે.

૪૦. જો જી.ઇ.બી.નાં ટ્રાન્સફર્મર હોય તો તેને બાઉન્ડ્રી વોલ બનાવી ત્યાં એક નંગ ૫ કે.જી. ડીસીપી ફાયર એક્સ્ટીંગયુઝર્સ રાખવું.

૪૧. ફલોર એરીયા વધારે હોય તે સંજોગોમાં દાદર દીઠ રાઇઝર લાઇન મૂકવાની રહેશે.

૪૨. સ્મોક ડીટેકટર સીસ્ટમ અત્રેની સૂચના પ્રમાણે કરવાની રહેશે.

૪૩. તમામ ફલોર પર રેલીંગની બાજુનો રસ્તો એટલે કે. એસ્કેપ રૂટ ઓછામાં ઓછી ૧.૫ મીટર પહોળાઇનો ખુલ્લો રાખવો અને આ માર્જીનમાં કોઇ ધંધાદારી પ્રવૃત્તિ ન થાય તેની કાળજી રાખવી.

૪૪. દરેક એસ્કેલેટરને એપ્રુવ મીકેનીકલ એન્જીનીયર પાસે સર્ટીફાય કરી સ્ટેટીક ઇલેક્ટ્રીક સીટીનાં જોખમ સામે જરૂરી અર્થીંગ લોડીંગ આપવું.

૪૫. ફુડ કોર્ટ અલાયદી જગ્યા પર બતાવવો અને તેનું આરોગ્ય લાયસનસ મહાનગર સેવા સદનનાં નિયમાનુસાર અલગથી લેવાનું રહેશે

૪૬. દરેક ઓફીસમાં સ્મોક ડીટેકટર એલાર્મ સીસ્ટમ સાથે ફીટ કરવા.

૪૭. જી.ડી.સી.આર.માં ૭.૧ પ્રમાણે બે માંથી એક ફાયર લીફટ તરીકે રાખવાની રહેશે.

૪૮. બિલ્ડીંગના બાંધકામ માટે સ્ટ્રકચરલ સ્ટેબીલીટીનો ટેસ્ટ રિપોર્ટતથા સ્ટ્રકચરલ એન્જીનીયરનું સર્ટીફીકેટ રજૂ કરવું.

૪૯. સ્ટ્રકચરલ એન્જીનીયરશ્રીનું સર્ટીફીકેટ રોડ. ટાંકી તથા ડ્રેનેજનાં ઢાંકણાની મજબુતાઇ માટે રજૂ કરવાનું રહેશે.

૫૦. દરેક ટાવરની રાઇઝર લાઇન પર આઇસોલેશન વાલ્વ તથા ટુ વે કલેકટીંગ હેડ લગાવવાનો રહેશે.

૫૧. ફાઇનલ એન.ઓ.સી. લેતાં પહેલાં ફાયર ફાઇટીંગ સીસ્ટમ ઇન્સ્ટોલ કરતાં પહેલા અત્રેની શાખાએ ફાયર ફાઇટીંગ સીસ્ટમનાં નકશા એપ્રુવલ અર્થે રજૂ કરવા.

૫૨. બેઝમેન્ટમાં સ્મોક મેનેજમેન્ટની યોગ્ય વ્યવસ્થા રાખવી જેથી ઇમરજન્સીમાં કામગીરી થઇ શકે.

૫૩. એકસટર્નલ સ્ટેરકેસની વ્યવસ્થા બિલ્ડીંગની ડિઝાઇન અનુસાર કરવાની રહેશે.

૫૪. મંજુર કરેલ નકશામાં દર્શાવેલ બાંધકામ પુરતુ એન.ઓ.સી. મર્યાદીત રહેશે.

૫૫. જો સદર બિલ્ડીંગમાં એલીવેશન માટે ( આગળ. જમણી. તથા ડાબી બાજુએ. બન્ને બાજુ ) ગ્લાસ એલીવેશન / ACP / ગ્લાસ પર્ટીશન. રાખવાનું હોય તો નેશનલ બિલ્ડીંગ કોડનાં નિયમાનુસાર ફાયર રેટીંગ હોવા જરૂરી છે તેમજ તેનું સર્ટી. રજૂ કરવાનું રહેશે.

૫૬. ગ્લાસ ફસાર્ડ બિલ્ડીંગમાં ફલોર ટુ ફલોર સ્પેશ કવરીંગ કંસ્ટ્રકશન (સીલ્ડન્ટ વર્ક) નેશનલ બિલ્ડીંગ કોડનાં નિયમાનુસાર કરવાનું રહેશે.

૫૭. બિલ્ડીંગમાં કવર સ્ટેરકેશ વગેરે બિલ્ડીંગોમાં ફલોર ટુ ફલોર ઇલેકટ્રીક વાયરીંગ ડકડ / શાફટ નેશનલ બિલ્ડીંગ કોડનાં નિયમાનુસાર ફાયર રીટારડન્ટ મટીરીયલથી સીલ્ન્ટ કરવાનું રહેશે.

૫૮. બેઝમેન્ટમાં સ્ટેરકેશ સીડી ગ્રાઉન્ડ ફલોર પર જઇ શકે તેવી જરૂરીઆત પ્રમાણેની વ્યવસ્થા કરવી.

૫૯. ઇમરજન્સી એકઝીટ સાઇન નેશનલ બિલ્ડીંગ કોડ પાર્ટ ૪.૨.૭ અને I/S ૯૪૫૭ / ૧૯૮૦ પ્રમાણે કરવાના રહેશે.

૬૦. સ્કાઇ લાઇટ વાયરડ ગ્લાસ એટલીસ્ટ અડધો કલાકનાં ફાયર રેજીસ્ટંટ રેટીંગ વાળા એન.બી.સી કોડ પ્રમાણે રાખવા અને તેના સર્ટી. રજૂ કરવા.

૬૧. નેશનલ બિલ્ડીંગ કોડ પાર્ટ-૮ પ્રમાણે બેઝમેન્ટમાં સ્મોક મેનેજમેન્ટ ( એ.એચ.યુ.. એચ.વી.એ.સી.. મીકેનીકલ એકઝોસ્ટની યોગ્ય વ્યવસ્થા રાખવી જેથી ઇમરજન્સીમાં કામગીરી થઇ શકે.

૬૨. ફાયર સેફટી માટે નકશામાં બતાવેલ રસ્તાઓ પરથી હાઇડ્રોલીક એલીવેટેડ પ્લેટફોર્મથી ફાયર ફાઇટીંગ તથા બચાવ કામગીરી માટે ઓપરેટ થઇ શકે તે માટે પૂરતી પહોળાઇ. લંબાઇ તથા કોઇપણ પ્રકારનાં અડચણ વિનાનો ખુલ્લો રસ્તો રાખવાનો રહેશે તથા બે ટાવર વચ્ચે જો સુરક્ષીત અંતર જળવાતુ નહીં હોય તો અને ફાયર સેફટીનાં વ્હીકલ ઓપરેટ થઇ શકે નહીં, તેવા સંજોગોમાં ફાયનલ એન.ઓ.સી. આપી શકાય નહીં.

૬૩. HFL લેવલ મેઇન્ટેન કરી બાંધકામ કરવું.

૬૪. બેઝમેન્ટ HFL લેવલથી ઇફેકટ કરતાં પ્લોટોમાં ભરાયેલ પાણી (બેઝમેન્ટ લેવલ / લોવર લેવલ / ગ્રાઉન્ડ લેવલ થી ડી-વોટરીંગ માટે પમ્પીંગની વ્યવસ્થા કરવાની રહેશે.

હ. ચીફ ઓફિસર (ફાયર)
મહાનગરપાલિકા.
વડોદરા.


E:\NEW-NOC-FORMAT\NEW-NOC-FORMAT\15-Hasmukhbhai\36-Pro-Suchano-HR-Above-70 Mtr..docx

ક્રમાંક :એન.એ./રીવી/એસ.આર./૭૬/૨૦૦૮–૨૦૦૯,

નં.જમીન/ડી/કલમ–૬૫/વશી/૨૮૬૫ /૨૦૦૯
બિનખેતી શાખા,કલેકટર કચેરી,
રૂમ નં.૩૦,કોઠી બિલ્ડીગ,
વડોદરા તા.૧૭ /૯ /૨૦૦૯

: વાંચ્યા :

(૧) અરજદારશ્રી શ્રી રામજીભાઈ વાલજીભાઈ પટેલ વિગેરે–૪ , C/o પી.એ.વાઘેલા રહે.૧, લો માળ, શાંતિભુવન બિલ્ડીગ, સત્ય વિજય ફરસાણની બાજુમાં રાજમહેલ રોડ,વડોદરાની મોજે કપુરાઈ તા.વડોદરાના બ્લોક નં.૪૦૨ પૈકી વાળી ૮૬૩૯ પૈકી ૫૮૩૫ ચો.મી.જમીનની રહેણાંકનાં હેતુ માટે બીનખેતીની પરવાનગી મળવાની તા.૩૦/૦૩/૨૦૦૯ ની પુન : વિચારણા અરજી

(૨) મામલતદારશ્રી વડોદરા શહેરનાં પત્ર નં.જમીન/વશી/૪૮૫૨/૦૯, તા.૧૫/૦૭/૦૯ થી આવેલ દરખાસ્તનાં કાગળો.

(૩) નગર નિયોજકશ્રી,શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરાના ઝોન સર્ટીફીકેટ નં.પત્ર નં.યુડીએ/ઝોન સર્ટી/૪૭૪/૦૮, તા.૦૯/૦૯/૦૮

(૪) નગર નિયોજકશ્રી,શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરાના પત્રનં.યુડીએ/પ્લાન–૫/૬૦૮/૦૮ તા.૩૧/૧૨/૦૮

(૫) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી યુનીટ–૧, યુનીટ–૨/૧, યુનીટ–૪/૧૪, યુનીટ–૫/૧૫ તરફથી રજુ થયેલ "ના વાંધા પ્રમાણપત્રો"

(૬) નાયબ કલેકટરશ્રી, જમીન સુધારણા વડોદરાનાં પત્ર નંબર ટેન્નસી/અપીલ/વશી/૨૪૦૧/૨૦૦૮, તા.૧૫/૧૦/૨૦૦૮

(૭) જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫

(૮) જમીન મહેસુલ નિયમોનાં નિયમ–૮૧(૨)

(૯) ગુજરાત સરકાર,મહેસૂલ વિભાગના,ઠરાવ ક્રમાંક: બખપ/૧૦૦૬/૪૨૫/ક,તારીખ: ૧–૭–૨૦૦૮

: હુકમ :

(૧) મોજે કપુરાઈ તા.વડોદરાના નીચે જણાવેલ બ્લોક/સરવે નંબર વાળી ખેતીની જમીન (૧) શ્રી રામજીભાઈ વાલજીભાઈ પટેલ (૨) શ્રી ગોવિંદભાઈ વાલજીભાઈ પટેલ (૩) શ્રી કરશનભાઈ પ્રેમજીભાઈ પટેલ (૪) શ્રી જીતેન્દ્રભાઈ કરશનભાઈ પટેલ ના ખાતે ચાલે છે.

| બ્લોક નંબર | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|
| ૪૦૨ પૈકી | ૫૮૩૫ |

(૨) માલિકી હકકપણા (ટાઈટલ) બરાબર હોવાનું તથા યુએલસી કાયદા હેઠળ જમીન ફાજલ થયેલ નથી તેમજ સરકાર હસ્તક કબજો લેવાયેલ નથી તેમજ કબજો અરજદાર પાસે છે તથા જમીનના માલિકીપણા અંગે કેસ, વિવાદ કે અપીલ ચાલુમાં નથી તેમજ જમીનમાં કોઈ સરકારી લેણું વસુલ લેવાનું બાકીમાં નથી તેમ મામલતદારશ્રીએ જણાવેલ છે.

(૩) સવાલવાળી જમીન અંગે વુડા કચેરીનું વંચાણ–૩ થી જરૂરી ઝોન સર્ટી. રજુ થયેલ છે. તે મુજબ સવાલવાળી જમીન રહેણાંક ઝોનમાં આવે છે. તથા થોડો ભાગ ગુજરાત હાઉસીગ બોર્ડ માટે અનામત રાખેલ છે.

(૪) નગર નિયોજકશ્રી શહેરી વિકાસ સત્તા મંડળ વડોદરાના વંચાણ–૩ ના પત્રથી વુડાના જી.ડી.સી.આર ના ઝોનીગ રેગ્યુલેશન મુજબ જે ભાગમાં રહેણાંકમાં દર્શાવેલ છે તે ભાગમાં રહેણાંક હેતુ માટે બિનખેતીની પરવાનગી મળવાપાત્ર છે પરતું જે ભાગમાં ગુજરાત હાઉસીગ બોર્ડ માટે અનામત રાખેલ છે. તે ભાગમાં પરવાનગી મળવાપાત્ર નથી તેમ અભિપ્રાય આપેલ છે.

(૫) સવાલવાળી જમીન જુની શરતની છે. જેથી ગણોતધારા હેઠળ મંજુરી લેવાનો પ્રશ્ન નથી તેમજ નાયબ કલેક્ટરશ્રી જ.સુ. વડોદરાએ વંચાણ–૬ ના પત્રથી સવાલવાળી જમીન અંગે ગણોતધારાની જોગવાઈઓનો ભંગ થતો ન હોઈ બિનખેતીના કામે હકારાત્મક અભિપ્રાય આપવામાં આવેલ છે.

(૬) આ જમીન સંપાદનની કાર્યવાહી હેઠળ નથી એવું વંચાણ–૪ ના પત્રોથી જમીન સંપાદન અધિકારીશ્રીઓએ જણાવેલ છે.

(૭) મામલતદારશ્રીએ તપાસ કરતાં આ જમીન ઉપર બીનપરવાનગીનું બાંધકામ કે બીનખેતીનો ઉપયોગ થયો નથી.કબજેદારે પરવાનગી આપતાં ઠરાવવામાં આવે તે શરતો મુજબ વર્તવા તથા ઠરાવે તે વિશેષધારો ભરવા સંમતિ જવાબ આપેલો છે. તથા રહેણાંક હેતુ દર ચો.મી.રૂા.૦–૫૦ પૈસા પ્રમાણે તથા પ્રવર્તમાન દરે લોકલફંડ તથા શિક્ષણ ઉપકર અને રૂપાંતરકર ભરવાની શરતે બીનખેતી પરવાનગી આપવા ભલામણ કરેલ છે.

(૮) ખાતેદારે બિનખેતીના રહેણાંક હેતુ માટેની ૫૮૩૫ ચો.મી. ૧૦–૦૦ રૂ. ના દરે રૂપાંતરકરની રકમ રૂ.૫૮,૩૫૦/– (અંકે રૂપિયા અઠાવન હજાર ત્રણસો પચાસ પુરા) તા.૦૪/૦૮/૨૦૦૯ ના રોજ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં "૦૦૩૫" સદરે જમા કરાવી અસલ ચલન રજુ કરેલ છે તથા માપણી ફી ની રકમ રૂા.૬૦૦/– તા.૧૨/૦૮/૨૦૦૯ ના રોજ જમા કરાવી ચલન રજુ કરેલ છે.

(૯) સબબ,મોજે કપુરાઈ તા.વડોદરાના નીચે જણાવેલ બ્લોક નંબર વાળી જમીનના

| બ્લોક નંબર | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|
| ૪૦૨ પૈકી | ૫૮૩૫ |

રહેણાંકના રૂા. ૦–૨૫ પૈસા પ્રમાણે સામેલ પત્રકમાં દર્શાવેલ જણાવ્યા પ્રમાણે વિશેષ ધારો તથા અન્ય ઉપકરો પ્રવર્તમાન દરે પત્રકમાં જણાવ્યા પ્રમાણે તા.૧/૮/૨૦૦૯ થી બીજો હુકમ થતાં સુધી દર વર્ષે ભરવાની તથા સક્ષમ સત્તાધિકારીશ્રી પાસેથી મંજુર કરેલા નકશા તથા રજાચિઠ્ઠી મેળવી બાંધકામ કરવાની શરતે બીનખેતીના રહેણાંકનાં હેતુ માટે પરવાનગી આપવા નીચેની વધુ શરતોને આધીન હુકમ કરવામાં આવે છે.

: શરતો :

## પરિશિષ્ટ–૪

### બિનખેતી પરવાનગી મેળવવા ઈચ્છતા અરજદારે પાલન કરવાની શરતો :

( બિનખેતી પરવાનગી આપનાર સક્ષમ સત્તાએ આ પરિશિષ્ટ બિનખેતીની પરવાનગી આપતા હૂકમ સાથે અચૂક જોડવાનું રહેશે.)

(૧) ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડસ ધ્વારા ઈસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઈએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે–આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાવેલ હોવો જોઈશે.

(૨) બાંધકામ શરૂ કરતાં પહેલા બાંધકામના નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે,પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચીઠ્ઠીમેળવી શકશે નહી..

(૩) શહેરી વિસ્તાર જ્યાં ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજૂર થઈ ગઈ છે ત્યાં જી.ડી.સી. આર. અને ઝોનીગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૪) મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.

(૫) અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઈ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.

(૬) ઔદ્યોગિક હેતુ માટે મંજૂરી માંગેલ હોય તો બાંધકામ કરતાં પહેલા જિલ્લા ઉદ્યોગ અધિકારીની જરૂરી મંજૂરી મેળવ્યા બાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૭) ફલોર મીલ, સિનેમા ટુરીંગ સિનેમા થીયેટર માટે બિનખેતી પરવાનગીના કામે જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૮) પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાંખવા માટે બિનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૯) ઈન્ડીયન એક્ષપ્લોઝીવ એકટ અન્વયે મેગેનીઝ, ફાયરવર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતાં પહેલા જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૦) સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૧૧) સવાલવાળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વેની હદથી ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી ગ્રીડના તાર/ હાઈટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૧૩) બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કી.મી.ની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઈ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવું 'ના વાંધા પ્રમાણપત્ર' સીવીલ

એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૪) ભારતીય વાયુસેનાના હવાઈ મથક તથા ઈન્સ્ટોલેશનથી ૯૦૦ મીટરની ત્રિજ્યા બહાર બાંધકામ કરવાનું રહેશે.

(૧૫) ઓ.એન.જી.સી.ના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૬) નર્મદા કેનાલ/અન્ય સિંચાઈ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૭) અરજદારે/જ્યાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૮) અરજદારે/જ્યાં જરૂરી હોય ત્યાં ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન/જમીનથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૯) અરજદારે/જ્યાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે અભ્યારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

અરજદારે ઉપરોકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો, શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

**વધુમાં અરજદારશ્રીએ નીચેની શરતોનું પણ પાલન કરવાનું રહેશે.**

(૨૦) બાંધકામ શરૂ કર્યા તારીખથી એક માસમાં અને બાંધકામ પુરૂ કર્યા તારીખથી એક માસમાં એમ બન્ને પ્રસંગોએ અત્રે લેખિતમાં જાણ કરવી પડશે.

(૨૧) આ જમીન ઉપરનું મંજુર થયા પ્રમાણે બાંધકામ આ હુકમ થયા તારીખથી છ માસમાં શરૂ કરી ત્રણ વર્ષમાં પુંરૂ કરવાનું રહેશે. તેમ કરવામાં ચુક થયે કલમ-૬૭ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. અને વસુલ ભરેલો વિ.ધારા વિગેરે કોઈપણ સંજોગોમાં પરત મેળવવાનો હકક રહેશે નહિં.આ અંગે અપીલનો સમય પૂરા થયા બાદ કોઈ હકક રહેશે નહિં.

(૨૨) રજાચિઠ્ઠિ,લેઆઉટ પ્લાન વિરુધ્ધ બાંધકામ થયાનાં પ્રસંગે કલેકટરશ્રી હુકમ કરે તે સમયમાં દૂર કરવાનું રહેશે. અને તે વિરુધ્ધ વર્તન થયાનાં પ્રસંગે કબજેદારને ખર્ચે દૂર કરાવવામા અને ખર્ચ જમીન મહેસુલ બાકી રાહે વસુલ કરવાપાત્ર થશે.અને કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવો પડશે.

(૨૩) હુકમ થયા તારીખથી છ માસની અંદર કબજેદારે જમીન મહેસુલ કાયદામાં જણાવ્યા મુજબ નમુના "એમ" માં સનદ ભરી આપવાની રહેશે. તે વિરૂધ્ધ વર્તન થયાનાં પ્રસંગે કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવાનો રહેશે.ઉકત સનદ અપીલનો સમય પુરો થયા બાદ ભરી આપવાની રહેશે.

(૨૪) જે હેતુનું કાં ામ પુરૂ થયેથી એક માસની અંદર તેની જાણ પરવાનગી આપનાર અધિકારીને કબજેદારે કરવાની રહેશે.

૬૨૧.

(૨૫) આ જમીનની જે હેતુ માટે પરવાનગી આપી છે તે હેતું સિવાય અન્ય હેતુ માટે ઉપયોગ કરતાં પહેલાં કલેકટરશ્રીની પરવાનગી લેવાની રહેશે. તે વિરૂધ્ધ વર્તન થયાના પ્રસંગે લે.રે.કોડની કલમ–૬૬ મુજબ પગલાં લેવામાં આવશે.

(૨૬) " વરસાદી પાણીના ભૂર્ગભ વહન/સંચય માટે દર મકાન /બહુમાળી મકાન (નકશા મંજૂર કરવાની સત્તા ધરાવતા સત્તાતંત્રએ આપેલ મંજૂરી મુજબ) દીઠ એકના દરે પરકોલેટીંગ બોરની વ્યવસ્થા અચૂક કરવાની રહેશે. "

(૨૭) જમીન ધારકશ્રીએ **સક્ષમ સત્તાધિકારીશ્રી** તરફથી મંજુર થયેલ સુચિત નકશા મુજબ રજાચિઠ્ઠી મુજબ બાંધકામ કરવાનું રહેશે તથા મંજુર થયેલ રજાચિઠ્ઠી તથા નકશાની એક નકલ દિન–૩૦ માં રજુ કરવાની રહેશે.

(૨૮) **તેમજ વુડાના જી.ડી.સી.આર ના ઝોનીગ રેગ્યુલેશન મુજબ બાંધકામની પરવાનગી મેળવ્યા બાદ જ અરજદારે બાંધકામ શરૂ કરવાનું રહેશે.**

(૨૯) આ જમીનનો **વિશેષધારો રહેણાંકના** કામે ૫૮૩૫ ચો.મી. ના દર ચો.મી.નાં ૦–૨૫ **પૈસા** પ્રમાણે **રૂ.૧૪૯૫/– તા.૧/૮/૨૦૦૯ થી** બીજો હુકમ થતાં સુધી દર વર્ષે પ્રવર્તમાન દરે તથા **લોકલ ફંડ રૂ.૭૩૦/– પવર્તમાન દરે** તથા **શિક્ષણ ઉપકર રૂા.૩૬૫/–** વિશેષધારા ઉપરાંત ભરવાનો રહેશે.તે અંગે કોઠારૂપે પત્રક સામેલ છે તે મુજબ અમલ કરવાનો રહેશે.

(૩૦) વુડાના ઝોન સર્ટી મુજબ પ્રતિબંધીત રહેણાંક ઝોનમાં આવેલ જમીનમાં કોઈપણ બાંધકામ થઈ શકશે **નહી.**

(૩૧) ઉપરની કોઈપણ શરત અગર સનદમાં જણાવેલી શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયા પ્રસંગે જમીન મહેસુલ કાયદામાં જણાવેલી શિક્ષાને કબજેદાર પાત્ર અને તેનો બાધ લીધા સિવાય કલેકટરશ્રી જે પગલાં લેશે તે કબજેદારને બંધનકર્તા રહેશે.

રવાના કર્યુ
મામલતદાર(બિનખેતી)
કલેકટર કચેરી,વડોદરા

સહી/–
(વિજય નેહરા )
કલેકટર વડોદરા

યુ.પી.સી.થી
પ્રતિ,
(૧) શ્રી રામજીભાઈ વાલજીભાઈ પટેલ
(૨) શ્રી ગોવિંદભાઈ વાલજીભાઈ પટેલ
(૩) શ્રી કરશનભાઈ પ્રેમજીભાઈ પટેલ
(૪) શ્રી જીતેન્દ્રભાઈ કરશનભાઈ પટેલ
કે./ઓ. પી.એ.વાઘેલા
૧, લો માળ, શાંતિભુવન બિલ્ડીંગ,
સત્ય વિજય ફરસાણની બાજુમાં ,
રાજમહેલ રોડ,
વડોદરા.

**<u>નકલ જયભારત સહ રવાના :-</u>**

(૧) **નગર નિયોજકશ્રી**, વડોદરા શહેરી વિકાસ સતા મંડળ (વુડા), એલ એન્ડ ટી. સર્કલ નજીક, વી.આઈ.પી. રોડ, વુડા ભવન, કારેલીબાગ, વડોદરા તરફ

(૨) **મામલતદારશ્રી વડોદરા શહેર તરફ** (હુકમનીનકલ બે પ્રતમાં)
એક પ્રત તાલુકા નમુના નં.૪ માં ઉપજની નોંધ કરાવી ગામ દફતરે રાખવા મોકલવા તથા વિ.ધારાની રકમ **સને ૨૦૦૯-૨૦૧૦** નાં હિસાબોમાં સાધવા તથા ગામે તા.નં.નં.૨ તથા ૭/૧૨માં વિ.ધારાની નોંધ કરાવવા અને નિયમ પ્રમાણે આગળની તજવીજ કરવા સારુ.

(૩) **જિલ્લા નિરીક્ષકશ્રી**, જમીન દફતર વડોદરા **(કામના કાગળો સહ)**
**૨/-જરુરી કાર્યવાહી થવા સારૂ**

(૪) **સર્કલ ઓફિસરશ્રી** / સરર્વેયરશ્રી,બિનખેતી શાખા,કલેકટર કચેરી,વડોદરા તરફ.

(૫) બિનખેતી શાખા,કલેકટર કચેરીના **કલમ-૬૬** દફતર તરફ

(૬) નાયબ નગર આયોજન અધિકારીશ્રી, નર્મદા ભુવન વડોદરા તરફ.

(૭) જન સેવા કેન્દ્ર, કલેકટર કચેરી,વડોદરા તરફ જરૂરી કાર્યવાહી કરવા સારુ.
( BARCODE NO. )

### મોજે કપુરાઈ વડોદરાના બ્લોક નં. ૪૦૨ પૈકી ની ૫૮૩૫ ચો.મી. રહેણાંકનાં માટે બીનખેતીની પરવાનગીનું પત્રક.

| બીનખેતીની પરવાનગી માંગેલ જમીનનો સ.નં., ક્ષેત્રફળ તથા કબજેદારનું નામ | બીનખેતીની પરવાનગી માંગેલ જમીનનું ક્ષેત્રફળ | નિયમ મુજબ લેવાનો વિશેષ ધારાની રકમ | વસુલ કરવાની વિશેષ ધારાની રકમ (૦.૨૫ પૈ.પ્રતિ ચો.મી.) | રૂપાંતરકર લેવાની વિગત (રૂ.૧૦–૦૦ પ્રતિ ચો.મી.). | લોકલ ફંડની વિગત (૦.૫૦ પૈ. વિ.ધારાના) | શિક્ષણ ઉપકરની રકમ (૦.૨૫ પૈ. વિ.ધારાના) | કોલમ–૪નો વિ.ધારો કઈ તારીખથી લેવાનો છે તેની વિગત. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮. |
| મોજે કપુરાઈ તા.વડોદરા<br>બ્લોક નંબર: ૪૦૨ પૈકી<br>ક્ષેત્રફળ (ચો.મી.): ૫૮૩૫<br>કબજેદારશ્રી:<br>(૧) શ્રી રામજીભાઈ વાલજીભાઈ પટેલ<br>(૨) શ્રી ગોવિંદભાઈ વાલજીભાઈ પટેલ<br>(૩) શ્રી કરશનભાઈ પ્રેમજીભાઈ પટેલ<br>(૪) શ્રી જીતેન્દ્રભાઈ કરશનભાઈ પટેલ | ચો.મી. ૫૮૩૫ (રહેણાંક) | રહેણાંકના હેતુના દરે દર ચો.મી.ના ૦–૨૫ પૈસા પ્રમાણે | રૂ. પૈસા ૧૪૫૯/–<br>(અંકે રૂપિયા ચૌદસો ઓગણસાઈઠ પુરા) | રૂ. પૈસા ૫૮,૩૫૦/–<br>(અંકે રૂપિયા અઠાવન હજાર ત્રણસો પચાસ પુરા) | રૂ. પૈસા ૭૩૦/–<br>(અંકે રૂપિયા સાતસો ત્રીસ પુરા)<br>અથવા પ્રવર્તમાન દરે જે વધુ હોય તે | રૂ. પૈસા ૩૬૫/–<br>(અંકે રૂપિયા ત્રણસો પાસઠ પુરા) | તા.૦૧/૦૮/૦૯ થી |

નોંધ:– રૂપાંતરકરની રકમ રૂ.૫૮,૩૫૦/–(અંકે રૂપિયા અઠાવન હજાર ત્રણસો પચાસ પુરા) તા.૦૪/૦૮/૦૯ ના રોજ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં "૦૦૩૫" સદરે જમા કરાવી અસલ ચલન રજુ કરેલ છે.

રવાના કર્યું
મામલતદાર(બિનખેતી)
કલેક્ટર કચેરી,વડોદરા

સહી/–
(વિજય નેહરા)
કલેક્ટર વડોદરા

ક્રમાંક :એન.એ./રીવી/એસ.આર./૨૩/૨૦૦૮–૨૦૦૯

નં.જમીન/ડી/કલમ–૬૫/વશી/૨૮૬૬/૨૦૦૯
બિનખેતી શાખા,કલેકટર કચેરી,
રૂમ નં.૩૦,કોઠી બિલ્ડીંગ,
વડોદરા તા.૧૭/૯/૨૦૦૯.

: વાંચ્યા :

(૧) અરજદારશ્રી શ્રી વાલજીભાઈ માવજીભાઈ પટેલ વિગેરે–૪ , C/o પી.એ.વાઘેલા રહે.૧, લો માળ, શાંતિભુવન બિલ્ડીંગ, સત્ય વિજય ફરસાણની બાજુમાં રાજમહેલ રોડ,વડોદરાની મોજે કપુરાઈ તા.વડોદરાના બ્લોક નં.૪૦૨ પૈકી વાળી ૯૯૭૭ ચો.મી.જમીનની રહેણાંકનાં હેતુ માટે બીનખેતીની પરવાનગી મળવાની તા.૧૪/૧૦/૦૮ ની પુન : વિચારણા અરજી

(૨) મામલતદારશ્રી વડોદરા શહેરનાં પત્ર નં.જમીન/વશી/૪૨૬૭/૦૯, તા.૩૧/૦૭/૦૮ તથા તા.૨૨/૧૨/૦૮ થી આવેલ દરખાસ્તનાં કાગળો.

(૩) નગર નિયોજકશ્રી,શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરાના ઝોન સર્ટીફીકેટ નં.પત્ર નં.યુડીએ/ઝોન સર્ટી/૨૮૮/૦૮, તા.૨૦/૦૬/૦૮

(૪) નગર નિયોજકશ્રી,શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરાના પત્રનં.યુડીએ/પ્લાન–૫/૪૧૮/૦૮ તા.૦૫/૦૮/૦૮

(૫) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી યુનીટ–૧, યુનીટ–૨/૧, યુનીટ–૪/૧૪, યુનીટ–૫/૧૫ તરફથી રજુ થયેલ "ના વાંધા પ્રમાણપત્રો"

(૬) નાયબ કલેકટરશ્રી, જમીન સુધારણા વડોદરાનાં પત્ર નંબર ટેન્નસી/અપીલ/વશી/૧૬૬૯/૨૦૦૮, તા.૧૨/૦૮/૨૦૦૮

(૭) જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫

(૮) જમીન મહેસુલ નિયમોનાં નિયમ–૮૧(૨)

(૯) ગુજરાત સરકાર,મહેસૂલ વિભાગના,ઠરાવ ક્રમાંકઃ બખપ/૧૦૦૬/૪૨૫/ક,તારીખઃ ૧–૭–૨૦૦૮

: હુકમ :

(૧) મોજે કપુરાઈ તા.વડોદરાના નીચે જણાવેલ બ્લોક/સરવે નંબર વાળી ખેતીની જમીન (૧) શ્રી વાલજીભાઈ માવજીભાઈ પટેલ (૨) શ્રી ગોવિંદભાઈ વાલજીભાઈ પટેલ (૩) શ્રી કરશનભાઈ પ્રેમજીભાઈ પટેલ (૪) શ્રી ઈનાયતહુસેન અબ્દુલ કરીમ શેખ ના ખાતે ચાલે છે.

| બ્લોક નંબર | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|
| ૪૦૨ પૈકી | ૯૯૭૭ |

(૨) માલિકી હકકપણા (ટાઈટલ) બરાબર હોવાનું તથા યુએલસી કાયદા હેઠળ જમીન ફાજલ થયેલ નથી તેમજ સરકાર હસ્તક કબજો લેવાયેલ નથી તેમજ કબજો અરજદાર પાસે છે તથા જમીનના માલિકીપણા અંગે કેસ, વિવાદ કે અપીલ ચાલુમાં નથી તેમજ જમીનમાં કોઈ સરકારી લેણું વસુલ લેવાનું બાકીમાં નથી તેમ મામલતદારશ્રીએ જણાવેલ છે.

(૩) સવાલવાળી જમીન અંગે વુડા કચેરીનું વંચાણ–૩ થી જરૂરી ઝોન સર્ટી. રજુ થયેલ છે. તે મુજબ સવાલવાળી જમીન **રહેણાંક ઝોનમાં** આવે છે. તથા થોડો ભાગ ગુજરાત હાઉસીંગ બોર્ડ માટે અનામત રાખેલ છે.

(૪) નગર નિયોજકશ્રી શહેરી વિકાસ સત્તા મંડળ વડોદરાના વંચાણ–૩ નાં પત્રથી વુડાના જી.ડી.સી.આર ના ઝોનીગ રેગ્યુલેશન મુજબ જે ભાગમાં રહેણાંકમાં દર્શાવેલ છે તે ભાગમાં રહેણાંક હેતુ માટે બિનખેતીની પરવાનગી મળવાપાત્ર છે પરંતુ જે ભાગમાં ગુજરાત હાઉસીંગ બોર્ડ માટે અનામત રાખેલ છે. તે ભાગમાં પરવાનગી મળવાપાત્ર નથી તેમ અભિપ્રાય ઓલ છે.

(૫) સવાલવાળી જમીન જુની શરતની છે. જેથી ગણોતધારા હેઠળ મંજુરી લેવાનો પ્રશ્ન નથી તેમજ **નાયબ કલેકટરશ્રી જ.સુ. વડોદરાએ વંચાણ–૬** ના પત્રથી સવાલવાળી જમીન અંગે ગણોતધારાની જોગવાઈઓનો ભંગ થતો ન હોઈ બિનખેતીના કામે હકારાત્મક અભિપ્રાય આપવામાં આવેલ છે.

(૬) આ જમીન સંપાદનની કાર્યવાહી હેઠળ નથી એવું વંચાણ–૪ ના પત્રોથી જમીન સંપાદન અધિકારીશ્રીઓએ જણાવેલ છે.

(૭) મામલતદારશ્રીએ તપાસ કરતાં આ જમીન ઉપર બીનપરવાનગીનું બાંધકામ કે બીનખેતીનો ઉપયોગ થયો નથી. કબજેદારે પરવાનગી આપતાં ઠરાવવામાં આવે તે શરતો મુજબ વર્તવા તથા ઠરાવે તે વિશેષધારો ભરવા સંમતિ જવાબ આપેલો છે. તથા રહેણાંક હેતુ દર ચો.મી.રૂા.૦–૫૦ પૈસા પ્રમાણે તથા પ્રવર્તમાન દરે લોકલફંડ તથા શિક્ષણ ઉપકર અને રૂપાંતરકર ભરવાની શરતે બીનખેતી પરવાનગી આપવા ભલામણ કરેલ છે.

(૮) ખાતેદારે બિનખેતીના **રહેણાંક** હેતુ માટેની ૯૯૭૭ ચો.મી. ૧૦–૦૦ રૂ. ના દરે રૂપાંતરકરની રકમ રૂ.૯૯,૭૭૦/– (અંકે રૂપિયા નવાણું હજાર સાતસો સીતેર પુરા) તા.૦૪/૦૮/ ૨૦૦૯ ના રોજ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં "૦૦૩૫" સદરે જમા કરાવી અસલ ચલન રજુ કરેલ છે તથા માપણી ફી ની રકમ રૂા.૧૮૦૦/– તા.૧૨/૦૮/૨૦૦૯ ના રોજ જમા કરાવી ચલન રજુ કરેલ છે.

(૯) સબબ, **મોજે કપુરાઈ** તા.વડોદરાના નીચે જણાવેલ સરવે નંબર વાળી જમીનના

| બ્લોક નંબર | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|
| ૪૦૨ પૈકી | ૯૯૭૭ |

**રહેણાંકના** રૂા. ૦–૨૫ પૈસા પ્રમાણે સામેલ પત્રકમાં દર્શાવેલ જણાવ્યા પ્રમાણે વિશેષ ધારો તથા અન્ય ઉપકરો **પ્રવર્તમાન** દરે પત્રકમાં જણાવ્યા પ્રમાણે તા.૧/૮/૨૦૦૯ થી બીજો હુકમ થતાં સુધી દર વર્ષે ભરવાની તથા **સક્ષમ સત્તાધિકારીશ્રી** પાસેથી મંજુર કરેલા નકશા તથા રજાચિઠ્ઠી મેળવી બાંધકામ કરવાની શરતે બીનખેતીના **રહેણાંકનાં** હેતુ માટે પરવાનગી આપવા નીચેની વધુ શરતોને આધીન હુકમ કરવામાં આવે છે.

: શરતો :

## પરિશિષ્ટ–૪

### બિનખેતી પરવાનગી મેળવવા ઈચ્છતા અરજદારે પાલન કરવાની શરતો :

( બિનખેતી પરવાનગી આપનાર સક્ષમ સત્તાએ આ પરિશિષ્ટ બિનખેતીની પરવાનગી આપતા હૂકમ સાથે અચૂક જોડવાનું રહેશે.)

(૧) ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડસ ઘ્વારા ઈસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઈએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે–આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાવેલ હોવો જોઈશે.

(૨) બાંધકામ શરૂ કરતાં પહેલા બાંધકામના નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે,પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચીઠ્ઠીમેળવી શકશે નહી.

(૩) શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનીગ સ્કીમ મંજૂર થઈ ગઈ છે ત્યાં જી.ડી.સી. આર. અને ઝોનીગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૪) મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.

(૫) અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ઘ્યાને લઈ રસ્તાના મઘ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.

(૬) ઔદ્યોગિક હેતુ માટે મંજૂરી માંગેલ હોય તો બાંધકામ કરતાં પહેલા જિલ્લા ઉદ્યોગ અધિકારીની જરૂરી મંજૂરી મેળવ્યા બાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૭) ફ્લોર મીલ, સિનેમા/ટુરીગ સિનેમા/ થીયેટર માટે બિનખેતી પરવાનગીના કામે જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૮) પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાંખવા માટે બિનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૯) ઈન્ડીયન એક્ષપ્લોઝીવ એકટ અન્વયે મેંગેનીઝ, ફાયરવર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતાં પહેલા જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૦) સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૧૧) સવાલવાળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વેની હદથી ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી ગ્રીડના તાર/ હાઈટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૧૩) બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કી.મી.ની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉચાઈ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવું 'ના વાંધા પ્રમાણપત્ર' સીવીલ

એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૪) ભારતીય વાયુસેનાના હવાઈ મથક તથા ઈન્સ્ટોલેશનથી ૯૦૦ મીટરની ત્રિજયા બહાર બાંધકામ કરવાનું રહેશે.

(૧૫) ઓ.એન.જી.સી.ના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૬) નર્મદા કેનાલ/અન્ય સિંચાઈ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૭) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૮) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન/જમીનથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૯) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે અભ્યારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

અરજદારે ઉપરોકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો, શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

**વધુમાં અરજદારશ્રીએ નીચેની શરતોનું પણ પાલન કરવાનું રહેશે.**

(૨૦) બાંધકામ શરૂ કર્યા તારીખથી એક માસમાં અને બાંધકામ પુંરૂ કર્યા તારીખથી એક માસમાં એમ બન્ને પ્રસંગોએ અત્રે લેખિતમાં જાણ કરવી પડશે.

(૨૧) આ જમીન ઉપરનું મંજુર થયા પ્રમાણે બાંધકામ આ હુકમ થયા તારીખથી છ માસમાં શરૂ કરી ત્રણ વર્ષમાં પુંરૂ કરવાનું રહેશે. તેમ કરવામાં ચુક થયે કલમ-૬૭ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. અને વસુલ ભરેલો વિ.ધારા વિગેરે કોઈપણ સંજોગોમાં પરત મેળવવાનો હકક રહેશે નહિં.આ અંગે અપીલનો સમય પૂરા થયા બાદ કોઈ હકક રહેશે નહિં.

(૨૨) રજાચિઠ્ઠિ,લેઆઉટ પ્લાન વિરૂધ્ધ બાંધકામ થયાનાં પ્રસંગે કલેકટરશ્રી હુકમ કરે તે સમયમાં દૂર કરવાનું રહેશે. અને તે વિરુધ્ધ વર્તન થયાનાં પ્રસંગે કબજેદારને ખર્ચે દૂર કરાવવામા અને ખર્ચ જમીન મહેસુલ બાકી રાહે વસુલ કરવાપાત્ર થશે.અને કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવો પડશે.

(૨૩) હુકમ થયા તારીખથી છ માસની અંદર કબજેદારે જમીન મહેસુલ કાયદામાં જણાવ્યા મુજબ નમુના "રોમ" માં સનદ ભરી આપવાની રહેશે. તે વિરૂધ્ધ વર્તન થયાનાં પ્રસંગે કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવાનો રહેશે.ઉક્ત સનદ અપીલનો સમય પુરો થયા બાદ ભરી આપવાની રહેશે.

(૨૪) જે હેતુનું બાંધકામ પુરૂ થયેથી એક માસની અંદર તેની જાણ પરવાનગી આપનાર અધિકારીને કબજેદારે કરવાની રહેશે.

(૨૫) આ જમીનની જે હેતુ માટે પરવાનગી આપી છે તે હેતુ સિવાય અન્ય હેતુ માટે ઉપયોગ કરતાં પહેલાં કલેકટરશ્રીની પરવાનગી લેવાની રહેશે. તે વિરૂધ્ધ વર્તન થયાના પ્રસંગે લે.રે.કોડની કલમ–૬૬ મુજબ પગલાં લેવામાં આવશે.

(૨૬) " વરસાદી પાણીના ભૂર્ગભ વહન/સંચય માટે દર મકાન /બહુમાળી મકાન (નકશા મંજૂર કરવાની સત્તા ધરાવતા સત્તાતંત્રએ આપેલ મંજૂરી મુજબ) દીઠ એકના દરે પરકોલેટીંગ બોરની વ્યવસ્થા અચૂક કરવાની રહેશે. "

(૨૭) જમીન ધારકશ્રીએ **સક્ષમ સત્તાધિકારીશ્રી** તરફથી મંજુર થયેલ સુચિત નકશા મુજબ રજાચિઠ્ઠી મુજબ બાંધકામ કરવાનું રહેશે તથા મંજુર થયેલ રજાચિઠ્ઠી તથા નકશાની એક નકલ દિન–૩૦ માં રજુ કરવાની રહેશે.

(૨૮) તેમજ વુડાના જી.ડી.સી.આર ના ઝોનીગ રેગ્યુલેશન મુજબ બાંધકામની પરવાનગી મેળવ્યા બાદ જ અરજદારે બાંધકામ શરૂ કરવાનું રહેશે.

(૨૯) આ જમીનનો વિશેષધારો રહેણાંકના કામે ૯૯૭૭ ચો.મી. નો દર ચો.મી.નાં ૦–૨૫ **પૈસા** પ્રમાણે **રૂ.૨૪૯૫/– તા.૧/૮/૨૦૦૯** થી બીજો હુકમ થતાં સુધી દર વર્ષે પ્રવર્તમાન દરે તથા **લોકલ ફંડ રૂ.૧૨૪૮/–** પવર્તમાન દરે તથા **શિક્ષણ** ઉપકર રૂા.૬૨૪/– **વિશેષધારા** ઉપરાંત ભરવાનો રહેશે.તે અંગે કોઠારૂપે પત્રક સામેલ છે તે મુજબ અમલ કરવાનો રહેશે.

(૩૦) વુડાના ઝોન સર્ટી મુજબ પ્રતિબંધીત રહેણાંક ઝોનમાં આવેલ ગુજરાત હાઉસીગ બોર્ડ માટે અનામત રાખેલ જમીનમાં કોઈપણ કાચુ કે પાકું બાંધકામ થઈ શકશે નહી.

(૩૧) ઉપરની કોઈપણ શરત અગર સનદમાં જણાવેલી શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયા પ્રસંગે જમીન મહેસુલ કાયદામાં જણાવેલી શિક્ષાને કબજેદાર પાત્ર અને તેનો બાધ લીધા સિવાય કલેકટરશ્રી જે પગલાં લેશે તે કબજેદારને બંધનકર્તા રહેશે.

રવાના કર્યુ
મામલતદાર(બિનખેતી)
કલેકટર કચેરી,વડોદરા

કલેકટર
વડોદરા

**સહી/–**
**(વિજય નેહરા)**
**કલેકટર વડોદરા**

યુ.પી.સી.થી

**પ્રતિ,**

**(૧) શ્રી વાલજીભાઈ માવજીભાઈ પટેલ**
**(૨) શ્રી ગોવિંદભાઈ વાલજીભાઈ પટેલ**
**(૩) શ્રી કરશનભાઈ પ્રેમજીભાઈ પટેલ**
**(૪) શ્રી ઈનાયતહુસેન અબ્દુલ કરીમ શેખ**
**કે./ઓ.પી.એ.વાઘેલા**
**૧, લો માળ, શાંતિભુવન બિલ્ડીગ,**
**સત્ય વિજય ફરસાણની બાજુમાં ,**
**રાજમહેલ રોડ,**
**વડોદરા.**

**નકલ જયભારત સહ રવાના :-**

(૧) નગર નિયોજકશ્રી, વડોદરા શહેરી વિકાસ સતા મંડળ (વુડા), એલ એન્ડ ટી. સર્કલ નજીક, વી.આઈ.પી. રોડ, વુડા ભવન, કારેલીબાગ, વડોદરા તરફ

(૨) **મામલતદારશ્રી વડોદરા શહેર તરફ** (હુકમનીનકલ બે પ્રતમાં)
**એક પ્રત તાલુકા નમુના નં.૪ માં ઉપજની નોંધ કરાવી ગામ દફતરે રાખવા મોકલવા તથા વિ.ધારાની રકમ સને ૨૦૦૯-૨૦૧૦** નાં હિસાબોમાં સાધવા તથા ગામે તા.નં.નં.૨ તથા ૭/૧૨માં વિ.ધારાની નોંધ કરાવવા અને નિયમ પ્રમાણે આગળની તજવીજ કરવા સારુ.

(૩) જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર વડોદરા **(કામના કાગળો સહ)**
૨/-જરુરી કાર્યવાહી થવા સારૂ

(૪) સર્કલ ઓફિસરશ્રી / સરર્વેયરશ્રી,બિનખેતી શાખા,કલેકટર કચેરી,વડોદરા તરફ.

(૫) બિનખેતી શાખા,કલેકટર કચેરીના **કલમ-૬૬** દફતર તરફ

(૬) નાયબ નગર આયોજન અધિકારીશ્રી, નર્મદા ભુવન વડોદરા તરફ.

(૭) જન સેવા કેન્દ્ર, કલેકટર કચેરી,વડોદરા તરફ જરૂરી કાર્યવાહી કરવા સારુ.
( BARCODE NO. )

## મોજે કપુરાઈ વડોદરાના સ.નં. ૬૪૬ પૈકીના બ્લોક નં.૪૦૨ પૈકીની ૯૯૭૭ ચો.મી. રહેણાંકનાં માટે બીનખેતીની પરવાનગીનું પત્રક

| બીનખેતીની પરવાનગી માંગેલ જમીનનો સ.નં., ક્ષેત્રફળ તથા કબજેદારનું નામ | બીનખેતીની પરવાનગી માંગેલ જમીનનું ક્ષેત્રફળ | નિયમ મુજબ લેવાનો વિશેષ ધારાની રકમ | વસુલ કરવાની વિશેષ ધારાની રકમ (૦.૨૫ પૈ.પ્રતિ ચો.મી.) | રૂપાંતરકર લેવાની વિગત (રૂ.૧૦-૦૦ પ્રતિ ચો.મી.) | લોકલ ફંડની વિગત (૦.૫૦ પૈ. વિ.ધારાના) | શિક્ષણ ઉપકરની રકમ (૦.૨૫ પૈ. વિ.ધારાના) | કોલમ-૪નો વિ.ધારો કઈ તારીખથી લેવાનો છે તેની વિગત. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮. |
| મોજે કપુરાઈ તા.વડોદરા<br>બ્લોક નંબર: ૪૦૨ પૈકી — ક્ષેત્રફળ (ચો.મી.): ૯૯૭૭<br>કબજેદારશ્રી:<br>(૧) શ્રી વાલજીભાઈ માવજીભાઈ પટેલ<br>(૨) શ્રી ગોવિંદભાઈ વાલજીભાઈ પટેલ<br>(૩) શ્રી કરશનભાઈ પ્રેમજીભાઈ પટેલ<br>(૪) શ્રી ઈનાયતહુસેન અબ્દુલ કરીમ શેખ | ચો.મી. ૯૯૭૭ (રહેણાંક) | રહેણાંકના હેતુના દરે દર ચો.મી.ના ૦-૨૫ પૈસા પ્રમાણે | રૂા. પૈસા ૨૪૯૫/- (અંકે રૂપિયા ચોવીસો પંચાણુ પુરા) | રૂા. પૈસા ૯૯,૭૭૦/- (અંકે રૂપિયા નવાણું હજાર સાતસો સીતેર પુરા) | રૂા. પૈસા ૧૨૪૮/- (અંકે રૂપિયા બારસો અડતાલીસ પુરા)<br>**અથવા પ્રવર્તમાન દરે જે વધુ હોય તે** | રૂા. પૈસા ૬૨૪/-(અંકે રૂપિયા છસો ચોવીસ પુરા) | તા.૦૧/૦૮/૦૯ થી |

નોંધઃ- રૂપાંતરકરની રકમ રૂ.૯૯,૭૭૦/-(અંકે રૂપિયા નવાણું હજાર સાતસો સીતેર પુરા) તા.૦૪/૦૮/૦૯ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં "૦૦૩૫" સદરે જમા કરાવી અસલ ચલન રજુ કરેલ છે.

રવાના કર્યું
મામલતદાર(બિનખેતી)
કલેકટર કચેરી,વડોદરા

સહી/-
(વિજય નેહરા)
કલેકટર વડોદરા